**<u>સેશન્સ કેસ નં.૩૨૩/૨૦૨૩</u>**

## <u>આંક–૧ લગત હુકમઃ–</u>

૧. ફરિયાદપક્ષે શ્રી સરકાર તરફે વિદ્વાન પી.પી.શ્રી સુધીર બી.બ્રહ્મભટ્ટ તથા વિ.એ.પી.પી.શ્રી ડી.વી.મહેતા નાઓએ આંક–૨ થી વિડ્રો પુરસીસ આપી રજૂઆત કરેલ છે કે, આરોપી વિરુદ્ધ દરિયાપુર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૩૨/૧૯૯૩, ઇ.પી.કો.કલમ–૩૦૭, ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના આક્ષેપિત ગુનાનું ચાર્જશીટ રજૂ છે. ઘણા સમયથી પ્રોસેસની બજવણી ન થતા અને નજીકના સમયમાં પણ મળી આવવાની શક્યતા જણાતી ન હોય, સદર કેસ પરત ખેંચવા બાબત રજૂઆત કરેલ છે.

૨. સદર કામે મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ આંક–૧ લગત તા.૧૬/૦૫/૨૦૨૪ ના રોજ હુકમ કરી આરોપી યોગેશ ઉર્ફે યોગલો મહારાજ કાન્તીલાલ ભટ્ટ, રહે.સરસપુર, લવારશેરી, અમદાવાદનો મળી આવતો ન હોય ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૮૨(૧) મુજબ આરોપીને કોર્ટમાં હાજર રહેવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવાનો હુકમ કરી કોર્ટમાં હાજર રહેવા ફરમાન કરેલ. ત્યારબાદ તા.૩૧/૧૨/૨૦૨૪ ના રોજ આંક–૧ લગત હુકમ કરી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૬૦ મુજબ સદર કેસ વિડ્રો કરવા સારૂ કલેકટર એવં ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટશ્રી, કલેક્ટરશ્રીની કચેરી, અમદાવાદને પત્ર લખવાનો હુકમ કરેલ છે. આજરોજ વિદ્વાન પી.પી.શ્રીએ આંક–૨ થી વિડ્રો પુરસીસ રજૂ કરી આરોપી વિરૂદ્ધનો કેસ આરોપી મળી આવેથી કેસ ચલાવવાનો હક્ક અબાધીત રાખી સદર કેસ પાછો ખેચવા પુરસીસ રજૂ કરેલ છે. જેથી આજરોજ સદર કેસ પાછો ખેંચવાની પરવાનગી આપી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અપીલ સમય વીત્યેથી કબજે કરાયેલ મુદ્દામાલ જે કાંઇ હોય તે અન્વયે જો અગાઉ વચગાળાની રાહે પરત સોંપવાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અને જો નાશ કરવાને પાત્ર જો કાંઈ મુદ્દામાલ હોય તો નાશ કરવાનો અને જો કાંઈ કિંમતી મુદ્દામાલ હોય તો તે સરકાર ખાતે ખાલસા કરવાનો/જમા કરાવવાનો રહેતો હોય તો તે મુજબ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૦૮, માહે–માર્ચ, સને – ૨૦૨૫ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**(વિરેન્દ્ર ભીખુભાઈ રાજપુત)**
અધીક સત્ર ન્યાયાધીશ,
સિટી સેશન્સ કોર્ટ, કોર્ટ નં.૧૪,
અમદાવાદ શહેર
(યુનિક આઈ.ડી.નં.જીજે ૦૦૬૯૨)

અમદાવાદ
તા.૦૮/૦૩/૨૦૨૫
નેશનલ લોક અદાલત

**Mori**